Seat No. : _______________

# ND-112

**November-2021**

**B.Ed., Sem.-III**

**B-101 : Gujarati**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**સૂચના :** (1) નીચે પ્રશ્નનો સાચો વિકલ્પ શોધી જવાબ આપો.

(2) બધા જ વિકલ્પો ફરજિયાત છે.

(3) દરેક વિકલ્પનો **1** ગુણ છે.

(4) કુલ **પચાસ** વિકલ્પો છે.

**1.** જુમો આણંદપુરમાં ક્યાં રહેતો હતો ?

(A) ઝૂંપડામાં (B) વાડીમાં

(C) ખેતરમાં (D) બંગલામાં

**2.** 'આજની દાડી રળિયામણી'માં નરસૈયાનો સ્વામી એટલે કોણ ?

(A) શ્રી રામ (B) શ્રી કૃષ્ણ

(C) બલરામ (D) સુદામા

**3.** કાન્તની કૃતિનું નામ જણાવો.

(A) પાદર (B) ગ્રામ માતા

(C) હિંદમાતાને સંબોધન (D) મહેનતની મોસમ

**4.** મહારાજા સયાજીરાવમાં કઈ શક્તિ હતી ?

(A) સોનું પારખવાની (B) હીરા પારખવાની

(C) ખોટા રૂપિયા પારખવાની (D) માણસ પારખવાની

**5.** વૈષ્ણવજન કાવ્યના કર્તા જણાવો.

(A) મીરાંબાઈ (B) અખો

(C) દયારામ (D) નરસિંહ મહેતા

6. ઝવેરચંદ મેઘાણી રવિશંકર મહારાજને કયા નામથી બોલાવતા ?

(A) રાષ્ટ્રીય શાપટ (B) રાષ્ટ્રપિતા

(C) માણસાઈના દીવા (D) સેવાભાવી

7. 'રાનમાં' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) ગઝલ (B) પ્રકૃતિ ગીત

(C) ભક્તિ ગીત (D) દુહા

8. નીચેનામાંથી કયું ઉપનામ રામનારાયણ પાઠકનું નથી ?

(A) ધૂમકેતુ (B) શેષ

(C) દ્વિરેફ (D) સ્વૈરવિહાર

9. અમરતકાકી અને મંગુ કયા પાઠના પાત્રો છે ?

(A) તેજમલ (B) લોહીની સગાઈ

(C) દીકરી (D) એક બપોરે

10. સૌરભ ભણીને શું બન્યો ?

(A) વૈજ્ઞાનિક (B) વકીલ

(C) શિક્ષક (D) ડૉક્ટર

11. વરસાદ વરસ્યા પછી સીમ કેવી બને છે ?

(A) સોનાવરણી (B) ઘઉંવરણી

(C) રક્તવરણી (D) કંકુવરણી

12. ભીખુએ કેટલા પૈસાના દાળિયા લીધા હતા ?

(A) બે (B) પાંચ

(C) છ (D) દશ

13. સાદા-સાત્વિક જીવનનો અર્થ રજૂ કરતું કાવ્ય કયું છે ?

(A) ધૂળિયે મારગ (B) બોળો

(C) કુદરતી (D) આજ આનંદ

14. નીચેનામાંથી હાસ્યલેખકનું નામ જણાવો.

(A) વિનોબા ભાવે (B) બકુલ ત્રિપાઠી

(C) મકરંદ દવે (D) ઉપરોક્તમાંથી એકપણ નહીં

15. 'શીલવંત સાધુ' શબ્દનો અર્થ જણાવો.

(A) શરમાળ (B) ગિરનારી

(C) ચારિત્ર્યવાન (D) યોગી

16. 'કપાળમાં વાળ ઉગે તો ભાલમાં ઊગે ઝાડ' આ કહેવત કઈ કૃતિમાં આવે છે ?

(A) લેખણ ઝાલી નો રહી (B) જીવન પાથેય

(C) છાલ, છોતરાં અને ગોટલા (D) દિવસો જુદાઈના જાય છે.

17. 'સવાઈ ગુજરાતી' તરીકે કોણ જાણીતું છે ?

(A) ધૂમકેતુ (B) કાન્ત

(C) પન્નાલાલ પટેલ (D) કાકા સાહેબ

18. 'નાટક' સાહિત્ય પ્રકાર કઈ કૃતિનો છે ?

(A) પાંચ દાણા (B) ગ્રામ માતા

(C) વિરલ વિભૂતિ (D) દેશભક્ત જગડુશા

19. અરૂણિમાં કઈ રમતમાં રાષ્ટ્રકક્ષાએ રમતવીર હતી ?

(A) ક્રિકેટ (B) ખો – ખો

(C) વોલીબોલ (D) બેડમિંટન

20. 'એક વાર પ્રેમમાં પડેલી કન્યાનું મન લીલી વન જેવું હોય છે.' – આ વાક્ય કોણ બોલે છે ?

(A) નરેન (B) સલોની

(C) મનીષા (D) આનંદ

21. 'બળદ ઝાલ્યા નથી રહેતા' આ વાક્ય કોણ બોલે છે ?

(A) કહળસંગ (B) હરખચંદ

(C) વખતચંદ (D) હમીરસંગ

22. તાપી નદીને કોની પુત્રી કહી છે ?

(A) ચંદ્રની (B) સૂર્યની

(C) કુબેરની (D) ઈન્દ્રની

23. લઘુકૌમુદી પુસ્તક કોને ખરીદવું હતું ?

(A) સ્વામી શિવાનંદ (B) રામનાથ

(C) સ્વામી સચ્ચિદાનંદ (D) સ્વામી વિવેકાનંદ

24. 'નાનજી કાલિદાસ મહેતા'નું રેખાચિત્ર કઈ કૃતિમાં આવે છે ?

(A) વિરલ વિભૂતિ (B) અખંડ ભારતના શિલ્પી

(C) પ્રેરક પ્રસંગો (D) સમાજ સમર્પિત શ્રેષ્ઠિ

25. દીકરી કયું વ્રત કરતા મોટી થાય છે ?

(A) મૌનવ્રત (B) પૂજાવ્રત

(C) ગૌરીવ્રત (D) ગૌવ્રત

26. અકબરના રાજ્ય પર કયા રાજાએ ચઢાઈ કરી ?

(A) ઝારખંડ (B) બુંદેલખંડ

(C) મહેરાનગઢ (D) અમીરગઢ

27. 'ખેડૂતની પત્ની' એટલે _____

(A) ગ્રામમાતા (B) પાદર

(C) ગોપાળ બાપા (D) દીકરી

28. 'ભાઈ, તમારી ભૂલ થાય છે' – આ વાક્ય કોણ બોલે છે ?

(A) અંજન (B) કિન્નરી

(C) નિખિલરાય (D) ભાસ્કરાય

29. તેજમલે વાણિયાની દુકાનેથી શું પસંદ કર્યું ?

(A) પાઘડી (B) રૂમાલ

(C) સાડી (D) ચૂંદડી

30. ગોદાવરી અને નર્મદા નદી વચ્ચે કયું વન આવેલું છે ?

(A) સુંદરવન (B) દંડકારણ્ય

(C) વૃંદાવન (D) વનરાવન

31. પાદર પાઠના કર્તા જણાવો.

(A) ધીરુ પરીખ (B) રતિલાલ બોરી સાગર

(C) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (D) રઘુવીર ચૌધરી

32. 'જીવરામ ભટ્ટ' પાઠમાં શેની વાત કરવામાં આવી છે ?

(A) ચતુરાઈ (B) જૂઠું બોલવાની

(C) સત્ય બોલવાની (D) મિથ્યાભિમાન

33. નીચેનામાંથી રવાનુકરી શબ્દ જણાવો :

(A) ટપટપ (B) બારોબાર

(C) રાતોરાત (D) રાત-દિવસ

34. 'બોળો' વાર્તા કયાં સંગ્રહમાંથી લેવામાં આવી છે ?

(A) અમૃતા (B) યુગવંદના

(C) તુલસીક્યારો (D) સૌરાષ્ટ્રની રસધાર

35. જીવલો શાનો રોટલો ખાતો હતો ?

(A) બાજરી (B) નાગલી

(C) જુવાર (D) મકાઈ

36. ધોળાવીરા ગામ શાના માટે જાણીતુ છે ?

(A) સફેદ રેતી (B) ભરતગૂંથણ

(C) નૃત્યકલા (D) જૂના અવશેષો

37. ધનપાલ શેઠે વહુઓનું પારખું કરવા કયાં અનાજના દાણા આપ્યા ?

(A) બાજરી (B) ઘઉં

(C) ડાંગર (D) જુવાર

38. અખંડ ભારતના શિલ્પી પાઠમાં કોની વાત કરવામાં આવી છે ?

(A) ગાંધીજી (B) સરદાર પટેલ

(C) જવાહરલાલ નહેરૂ (D) ઉમાશંકર જોશી

39. મકરન્દ દવેની કૃતિ જણાવો.

(A) કુદરતી (B) પાદર

(C) પુત્રવધૂનું સ્વાગત (D) તેજમલ

40. 'અસિત'નું પાત્ર કઈ કૃતિમાં આવે છે ?

(A) જન્મોત્સવ (B) ગતિભંગ

(C) બોળો (D) ભીખુ

41. ચૌદ પંક્તિની મર્યાદા કયા સાહિત્યપ્રકારમાં જોવા મળે છે ?

(A) સોનેટ (B) ગઝલ

(C) હાઈકુ (D) ગરબી

42. 'હાઈસ્કૂલમાં' પાઠના લેખક જણાવો.

(A) વિનોબા ભાવે (B) ગાંધીજી

(C) ધીરૂ પરીખ (D) સંતબાલ

43. છેવટે સાંઢને કોણે નાથ્યો ?

(A) રયજી (B) રાવજી

(C) ચંદા (D) મનુ

44. 'મનુષ્યનો દેહ છાશ જેવો છે' – આવું કોણ માનતા હતા ?

(A) પાંડુરંગ શાસ્ત્ર (B) કુમારપાળ દેસાઈ

(C) સ્વામી શિવાનંદ (D) શ્રીમદ્ રાજચંદ્ર

45. સાચી જોડણી જણાવો.

(A) પરિસ્થિતી (B) પરિસ્થિતિ

(C) પરીસ્થીતી (D) પરીસ્થિતી

46. વલયના મિત્રો કયા ગ્રહ પર હતા ?

(A) ટીટાન (B) સૂર્ય

(C) ચંદ્ર (D) મંગળ

47. 'માતૃભાષા તો માતાનું ધાવણ છે' આ વિધાન કોણે આપ્યું છે ?

(A) ગાંધીજી (B) વિનોબા ભાવે

(C) રવીન્દ્રનાથ ટાગોર (D) હરીશ દવે

48. રસમ શબ્દનો અર્થ જણાવો.

(A) શરમ (B) સમ

(C) રસ (D) રિવાજ

49. 'દમયંતીનું મુખ જાણે ચંદ્ર' આ વાક્યમાં કયો અલંકાર છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) રૂપક

(C) ઉપમા (D) ઉત્પ્રેક્ષા

50. નીચેનામાંથી ભાવવાચક સંજ્ઞા જણાવો.

(A) માનવતા (B) ઘણ

(C) ભાવેશ (D) પર્વત